# અક્રમ યુથ

ડિસેમ્બર ૨૦૨૧ ગુજરાતી દાદા ભગવાન પરિવાર ₹ 20

## સ્પર્ધા



# અનુક્રમણિકા


૦૪ સ્પર્ધા

૦૫ એપિસોડ 01 પહેલો દિવસ

૦૭ એપિસોડ 02 દેખાદેખી

૧૦ એપિસોડ 03 ઉલટું પરિણામ

૧૪ એપિસોડ 04 રેસકોર્સ

૧૫ દાદાશ્રીના પુસ્તકની ઝલક

૧૭ એપિસોડ 05 હેલ્ધી કોમ્પિટિશન

૧૮ ન્યુઝ પેપર

૨૦ જ્ઞાની વિથ યુથ

૨૨ એપિસોડ 06 સામો કરે ત્યારે?



વર્ષ: ૯, અંક : ૮
સળંગ અંક : ૧૦૪
ડિસેમ્બર ૨૦૨૧



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી - ડિમ્પલ મહેતા**

Printer & Published by
Dimplebhai Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Owned by :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Published at :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

Printed at : Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page


**Subscription**

Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn in favour of "Mahavideh Foundation" payable at Ahmedabad.


© 2021, Dada Bhagwan Foundation.
All Rights Reserved



# સંપાદકીય

પ્રિય વાચકમિત્રો,

સ્પર્ધા ક્યાં નથી ? નાનપણથી લઈને અત્યાર સુધીમાં જીવનમાં ડગલે ને પગલે સ્પર્ધા ચાલ્યા જ કરતી હોય છે. નાના હોઈએ ત્યારે રમકડાં માટે, મોટા થઈએ ત્યારે ભણતર માટે સ્પર્ધા, પછી સારા દેખાવા માટે, કેરિયર માટે, જોબમાં પ્રમોશન માટે કે પછી સોસાયટીમાં સ્ટેટસ માટે સ્પર્ધા.

સતત બીજાથી આગળ નીકળી જવા માટે, બીજા કરતાં પોતે વધારે હોશિયાર છે એ સાબિત કરવા માટે કે પછી બીજા કરતાં પોતાનું ઈમ્પોર્ટન્સ વધારવા માટે સ્પર્ધા ચાલ્યા જ કરતી હોય છે. પછી સ્પર્ધામાંથી ઈર્ષ્યા જન્મે છે અને પાર વગરના ભોગવટા ઊભા થાય છે જેમાંથી ક્યારેક વેર પણ બંધાય છે. છેવટે આનંદ તો ઉડી જ જાય છે, ખરુંને ?

મિત્રો, ઘણીવાર આપણને થાય કે સ્પર્ધા તો મને થતી જ નથી. તો આ અંક જરૂરથી વાંચજો. આ અંકમાં એક વેબ સ્ટોરીના એપિસોડ્સ દ્વારા આપણે સ્પર્ધામાં કેવી રીતે અને ક્યા કારણોથી પડીએ છીએ ? એના લક્ષણો શું હોય ? એનાથી શું નુકશાન થાય છે ? તે જાણીશું અને સાથેસાથે સ્પર્ધામાંથી કઈ રીતે બહાર નીકળી શકાય તેની પ્રેક્ટિકલ સમજણ પણ મેળવીશું.

- ડિમ્પલભાઈ મહેતા



# સ્પર્ધા

**સ્પર્ધાને ખાલી કરવા માટે જ્ઞાનની જરૂર છે. અને સ્પર્ધા વિનાના તો પૂર્ણ જ્ઞાની જ હોય શકે. કારણ કે માલ ખાલી કરતા કરતા ઘણો ટાઈમ જાય છે.**

**નીરુમા :** સ્પર્ધા એ એક એવી વસ્તુ છે કે જે જિંદગીમાં ક્યારેય ઊભી ન થઈ હોય એવું નહીં હોય. અમને ય થયેલી, ભાઈ... થાય જ !!! અજ્ઞાનતા હોય ત્યાં સુધી થાય જ ! જ્ઞાન મળે તો પણ એ સ્પર્ધાનો માલ ઉભરાય તો ખરો જ. ત્યારે એમાં પોતે માને કે 'મને થાય છે, સારું છે, ખરાબ છે, આમ છે, તેમ છે' એટલે પાછો એમાં ને એમાં જ રમ્યા કરે. એટલે સ્પર્ધાનો માલ ખાલી ના થાય. સ્પર્ધાને ખાલી કરવા માટે જ્ઞાનની જરૂર છે. અને સ્પર્ધા વિનાના તો પૂર્ણ જ્ઞાની જ હોય શકે. કારણ કે માલ ખાલી કરતા કરતા ઘણો ટાઈમ જાય છે. સ્પર્ધા ગુણ આમ તો મૂળ દ્વેષમાંથી ઊભો થાય છે. દ્વેષ પરિણામ! રાગમાંથી સ્પર્ધા ન થાય, દ્વેષમાંથી સ્પર્ધા થાય. રાગમાંથી દ્વેષ અને દ્વેષમાંથી સ્પર્ધા થાય.

જીવનમાં ડગલે ને પગલે બધા સ્પર્ધામાં જ છે, એટલે 'દોડ' જેને ઘોડદોડ કહીએ છે ને ! 'રેસકોર્સ' બધા રેસકોર્સમાં જ છે, કે કેમ કરીને આગળ નીકળી જઉં ? કેમ કરીને બીજાને પછાડીને હું આગળ વધું ? મારું વધે અને સામાનું નીચે પડે. કો'ક ને કો'ક આપણને મળી જ આવે આપણી જોડે દોડવામાં. કાં તો એ દોડતો હોય અને આપણે એને પકડી પાડવા માંગીએ અથવા આપણે દોડતા હોઈએ અને એ આપણી પાછળ આવી જાય. કોઈક ને કોઈક રીતે ક્યાંકથી સ્પર્ધા માટેનું નિમિત્ત ભેગું થઈ જાય.

# એપિસોડ 01

પહેલો દિવસ



**પ્રોફેસર મેથ્યુ :** નમસ્તે મિત્રો ! નીરુમાના સત્સંગથી તમે સમજી જ ગયા હશો કે હું આજે શેના વિષે વાત કરવા આવ્યો છું. હા, 'સ્પર્ધા' ! આ ટોપિક પર મને એક રીયલ સ્ટોરી યાદ આવે છે. જે હું તમને બધાને કહેવા માંગું છું.

તો શરૂ કરીએ આ વેબ સ્ટોરીના પહેલા એપિસોડથી !



**દ્રશ્ય ૦૧ :**
**ફ્રેશર પાર્ટી**

**રાજ :** ફ્રેન્ડ્સ... મારી ઈચ્છા છે હું આપણી કોલેજની ફૂટબોલ ટીમમાં ભાગ લઉં.

**મિત્ર ૧ :** શું મજાક કરે છે. તને ફૂટબોલ આવડે પણ છે ?

**રાજ :** અરે, તને ખબર નથી મારી સ્કૂલમાં હું ચેમ્પિયન હતો. બધા મને જુનિયર મેસ્સી તરીકે બોલાવતા હતા, મારા કોચ પણ !

**મિત્ર ૧ :** રીયલી ? વાઉ ! તો અમે બધા ચોક્કસ આવીશું તારી ફૂટબોલની ગેમ જોવા.

*( એ જ વખતે આકાશ પાર્ટીમાં પ્રવેશે છે. )*

**આકાશ :** હેલો ફ્રેન્ડ્સ !

**મિત્ર ૨ :** હેય આકાશ, કોન્ગ્રેટ્સ. ભાઈ, તું તો એકદમ ફેમસ થઈ ગયો છે ને !

**મિત્ર 3 :** હા, સાંભળ્યું છે કે તારી યુ-ટ્યુબ ચેનલને દસ હજાર સબસ્ક્રાઈબર્સ મળી ગયા ! બહુ મહેનત કરી હશે ને ?

**આકાશ :** થેન્ક્સ. મહેનતની સાથે સ્માર્ટનેસ જોઈએ ! રાહુલને જ જોઈ લો. અમે સાથે જ ચેનલ શરૂ કરી હતી. બિચારો હજુ પણ હજાર સબસ્ક્રાઈબર્સ મેળવવા મથી રહ્યો છે. *( બધા હસે છે. રાજને હસવું નથી આવતું. )*

**રાજ :** આકાશ, લાગે છે તારા ગ્રહો તારી ફેવરમાં હતા.

**આકાશ :** એમ ? તો ચાલ જોઈએ કે તારા ગ્રહો તારી ફેવરમાં છે કે નહીં !

**રાજ :** તું મને ચેલેન્જ આપી રહ્યો છે ?

**આકાશ :** તું જે સમજે તે.

**રાજ :** ઓકે ! ચાલ જોઈએ. હું તારાથી વધારે સબસ્ક્રાઈબર્સ મેળવીને બતાવીશ ! એ પણ તારાથી ઓછા ટાઈમમાં.

**મિત્ર ૧ :** પણ તારે ફૂટબોલ ટીમમાં જોડાવું છે એનું શું...?

## દ્રશ્ય ૦૨ : મિસ્ટર એન્ડ મિસ ફ્રેશર કોમ્પિટિશન

**એન્કર :** મિત્રો, તમે જેની ક્યારની રાહ જોઈ રહ્યા હતા તે ઘડી આવી ગઈ છે. આ વર્ષના મિસ્ટર ફ્રેશર અને મિસ ફ્રેશરનો ખિતાબ આપવાની. તો આ વર્ષની મિસ ફ્રેશર છે...

*( રાશિ સ્ટેજ પર જવા વાળ અને કપડાં સરખા કરે છે...)*

**એન્કર :** મિસ ફ્રેશર છે... મિસ.... અંકિતા રોય !

**રાશિ (સ્વાતિને) :** આ શું ! આ કેવી રીતે થઇ શકે ? આ અંકિતા છે કોણ ?

**સ્વાતિ :** 'અંકિતા રોય', એ અમારી સ્કૂલમાં સાથે હતી, અમારી બેચની ઓલરાઉન્ડર ! હજી પણ સ્કૂલમાં બધા એને યાદ કરે છે. એના ઈન્સ્ટાગ્રામ પર પંદર હજાર ફોલોઅર્સ છે અને એની દરેક રીલ પર ઓછામાં ઓછા બે લાખ વ્યુઝ તો મળે જ. એણે મેકઅપની કંપની સાથે કોલેબરેશન પણ કર્યું છે. *( સ્ટેજ પર અંકિતાનું મિસ ફ્રેશર તરીકે બહુમાન થાય છે. )*




**રાશિ (મનમાં) :** હં ! એવું તો કંઈ ખાસ નથી એનામાં... કમ ઓન ! હું અંકિતા કરતાં વધારે સુંદર છું જ અને જો ઈચ્છું તો એના કરતાં પણ વધારે ફેમસ થઈ શકું છું.

*( સ્ટેજ પરથી પાછી જતી અંકિતા માટે ટોળું ખુશખુશાલ હતું. મિસ ફ્રેશરનો મુગટ તેના ચહેરા પર ચાર ચાંદ ઉમેરી રહ્યો હતો. આ જોતાં જ રાશિને તેના પર ગુસ્સો આવે છે અને તે ભીડમાં કોઈને ખબર ન પડે એમ અંકિતાના રસ્તામાં એવી રીતે પગ મૂકે છે કે અંકિતા લથડિયું ખાઈ જાય છે. આ જોઈને બધા હસે છે. )*

જોયું મિત્રો ? રાજ આમ તો ફૂટબોલ ચેમ્પિયન હતો. પણ આકાશની સફળતા જોઈને એને સ્પર્ધા ઊભી થઈ. ઉપરથી આકાશે પણ ચેલેન્જ ફેંકી. એટલે રાજે વિચાર્યા વગર ફૂટબોલ ભૂલીને વિડિયો બનાવવાની ચેલેન્જ સ્વીકારી લીધી. બીજી બાજુ, રાશિ પણ તેની નિષ્ફળતા સ્વીકારી ન શકી. અદેખાઈ અને ઈર્ષ્યાથી વશ થતાં રાશિને પોતાના વર્તન પર કંટ્રોલ ન રહ્યો ને અંકિતાનું નુકસાન કરી બેઠી. હવે ચાલો, જોઈએ કે રાજ અને રાશિ આ દેખાદેખીમાં આગળ કેવી રીતે વધે છે ?



# એપિસોડ 02

## દેખાદેખી

**દ્રશ્ય ૦૧ : કોલેજ**



*( કોલેજ પછી રાશિ અને તેની ફ્રેન્ડ સ્વાતિ કેન્ટીનમાં બેઠા છે, રાશિ વિચારે છે. )*

**રાશિ (મનમાં) :** મેં અંકિતાની એકેએક સ્ટાઈલ, એના સ્ટેપ, લગભગ બધું જ ટ્રાય કર્યું, પણ મારા ફોલોઅર્સ વધતા નથી.

**સ્વાતિ :** અરે ! તેં અંકિતાની નવી પોસ્ટ જોઈ ?


**રાશિ :** હા, એને એક કલાકમાં પાંચસો લાઇક્સ મળ્યા છે. મને સમજાતું નથી કેવી રીતે ? મને લાગે છે કે એણે લાઈક્સ અને કોમેન્ટ્સ ખરીદ્યા છે.

**સ્વાતિ :** તને કેવી રીતે ખબર પડી કે એણે ખરીદ્યા છે ?

**રાશિ :** હું એની પર નજર...!! એટલે મેં થોડીવાર પહેલા જ અંકિતાને પોતાની બડાઈ મારતા સાંભળ્યું હતું.

**સ્વાતિ :** રાશિ... તું જ્યારથી અંકિતાને મળી છે ત્યારથી તારો કેમેરો એના ઉપર જ છે !

**દ્રશ્ય ૦૨ : ઘરે**



*( રાજ તેની યુ-ટ્યુબ ચેનલ ખોલે છે અને તેના પહેલા વિડિયોની તૈયારી શરૂ કરે છે. )*


**રાજ :** ક્યાંથી શરૂ કરું ? વિડિયો માટે ક્યો ટોપિક લઉં ? હમમ... આકાશનો જ વિડિયો જોઉં.

**રાજ :** લે !! આ મશ્કરીવાળો વિડિયો બનાવવામાં ક્યાં મોટી વાત છે ? હું આકાશથી ય સારા વિડિયો બનાવીશ.

*( રાજ પ્લોટિંગ, સ્ક્રિપ્ટીંગ, કેમેરાવર્ક અને એડીટીંગ પાછળ ઘણી મહેનત કરીને વિડિયો બનાવે છે. )*

**રાજ :** વાહ !! આ વિડિયો બેસ્ટ બન્યો છે. આઈ એમ સ્યોર મને ઘણા બધા લાઈક્સ અને કોમેન્ટ્સ મળશે. આકાશને ખબર પડશે કે એણે કોને ચેલેન્જ કર્યો છે !

**દ્રશ્ય ૦૩ : ઘરે**




*( રાશિ અંકિતાની પ્રોફાઈલ પર વોચ રાખી રહી છે, ત્યાં તેની નજર અંકિતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પડે છે. )*

**અંકિતાની સ્ટોરી :** શું મારે જનરલ સેક્રેટરી માટે ઊભું રહેવું જોઈએ ?

- હા, અમે તને વોટ આપીશું.
- ના.

**રાશિ :** શું ? અંકિતા અને જનરલ સેક્રેટરી...? જો તે જીતશે તો મારે તેની નીચે કામ કરવું પડશે ! હવે તો હું પણ જનરલ સેક્રેટરીની પોસ્ટ માટે નામ લખાવીશ.

**દ્રશ્ય ૪ : કોલેજ**



*( બીજા દિવસે ઉઠીને રાજ પહેલા એનો વિડિયો ચેક કરે છે. પણ આ શું ? વિડિયોને ઘણા ઓછા લાઈક્સ અને વ્યુઝ આવ્યા અને ઘણીબધી નેગેટિવ કોમેન્ટ્સ મળી. લોકો આ જોશે તો ઈમ્પ્રેશન બગડી જશે ! એની ચિંતામાં ને ચિંતામાં તે પૈસા આપીને વિડિયો માટે લાઈક્સ અને સબસ્ક્રાઈબર્સ ખરીદે છે. પછી ખુશ થતો રાજ કોલેજ પહોંચે છે. )*

**રાજ :** મિત્રો, તમે મારો નવો વિડિયો જોયો ? ૫૦૦ વ્યુઝ આવી ગયા !

**મિત્ર ૧ :** ઓહ, રાજ તને નથી લાગતું કે તારો વિડિયો થોડો બોરીંગ છે.

**આકાશ :** બોરીંગ જ નહીં, પણ કોઈ નાના છોકરાએ બનાવ્યો હોયને એવો લાગે છે. આવા વિડિયો પર કોઈ હસી પણ કેમ શકે ?

*( બધા રાજ પર હસવા લાગે છે. )*

**રાજ :** મને તારા વખાણની કોઈ જરૂર નથી.

**દ્રશ્ય ૫ : કોલેજ કેમ્પસ**



**રાશિ (જાહેરાત કરતા) :** ડીયર ફ્રેન્ડ્સ, તમે બધા જાણો જ છો કે હું જનરલ સેક્રેટરી માટે ઊભી છું, ફક્ત તમારા બધા માટે જ ! હું તમને બધાને ખાતરી આપું છું કે હું તમારા પ્રોબ્લેમ્સને ઉકેલવા માટે મારા બેસ્ટ પ્રયત્નો કરીશ, બીજા બધાની જેમ ખોટા પ્રોમિસ નહીં આપું ! *( અંકિતા સામે મોઢું મચકોડે છે. )*

**અંકિતા :** ખોટા પ્રોમિસ ? તું કહેવા શું માંગે છે ?

**રાશિ :** પણ મેં ક્યાં તારું નામ લીધું ?

**સ્વાતિ (દોડતી આવે છે) :** રાશિ..રાશિ.. મેડમ તને સ્ટાફરૂમમાં બોલાવે છે.



*( રાશિ સ્ટાફરૂમમાં જાય છે જ્યાં બધા શિક્ષકો બેઠા હોય છે. )*

**રાશિ :** મે આઈ કમ ઈન ?

**મેડમ :** આવ રાશિ ! બેસ. તું જનરલ સેક્રેટરી માટે ઊભી રહેવા માંગે છે ?

**રાશિ :** હા મે'મ.


**મેડમ :** ઓકે, આ પોસ્ટ માટે તારી ક્ષમતાઓ જાણવા અમે એક ઈન્ટરવ્યુ લેવાનો વિચાર કર્યો છે.

**રાશિ :** સ્યોર મે'મ, હું કોઈપણ ઇન્ટરવ્યુ માટે તૈયાર છું.

**મેડમ :** સારું. તો, અમને કહે, અમે બીજા કેન્ડિડેટની જગ્યાએ તને શા માટે સિલેક્ટ કરીએ ?

**રાશિ :** મને પૂરો વિશ્વાસ છે કે આ પોસ્ટ માટે તમે જે શોધો છો, એ બધી આવડત અને અનુભવ મારી પાસે છે. હું કોલેજમાં ડિસીપ્લિન જાળવી રાખીશ, જે કોલેજની પ્રગતિમાં કામ આવશે. મારા સજેશન્સ બીજા અમુક કેન્ડિડેટ કરતાં અલગ છે. જેમકે અંકિતા કોલેજની લાયબ્રેરીમાં ટાઈમ વધારવાનું કહે છે, જ્યાં ખરેખર બધા ટાઈમ વેસ્ટ કરતા હોય છે.

*( ઈન્ટરવ્યુ આગળ વધે છે. )*



જોયું મિત્રો ? રાજે વ્યુઝ અને લાઈક્સ ખરીદ્યા કારણ કે તે જાણતો હતો કે તેનું કામ એટલું સારું નથી, છતાં તેને વખાણ સંભાળવા હતા. બીજી બાજુ, જનરલ સેક્રેટરીનું પદ જીતવા માટે રાશિએ આડકતરી રીતે પોતાની સરખામણી અંકિતા સાથે કરીને પોતાને વધારે સારી કેન્ડિડેટ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો અને અંકિતાને બધાની નજરમાં નીચે પાડી. આવું છે આ સ્પર્ધાનું સ્વરૂપ. હવે આગળ જોઈએ.

# એપિસોડ 03

ઉલટું પરિણામ

## દ્રશ્ય ૧ : કોલેજ




**સ્વાતિ :** કોન્ગ્રેટ્સ રાશિ ! તું જનરલ સેક્રેટરી બની જ ગઈ. પાર્ટી ક્યારે આપે છે ?

**રાશિ :** ઓહ ! થેંક્સ યુ, પાર્ટી ચોક્કસ.

**સ્વાતિ :** તો, સેક્રેટરી મેડમ, કેવું લાગે છે આ પોસ્ટ જીત્યા પછી ?

**રાશિ :** સૌથી સારી વાત એ છે કે મારે અંકિતાની નીચે કામ નહીં કરવું પડે. જ્યારે મારું નામ એનાઉન્સ થયું ત્યારે અંકિતાનો ચહેરો જોવા જેવો હતો.

## દ્રશ્ય ૨ : ફૂટબોલ કોર્ટ

*( આકાશ અને કોલેજના બીજા છોકરાઓ ફૂટબોલ કોર્ટ પર તેમની પ્રેક્ટિસ કરતા હોય છે ત્યારે રાજ નજીકની બેન્ચ પર બેસીને પોતાની સાથે જ મનમાં વાત કરતો હોય છે. )*

**રાજ :** રાજ, આ તું શું કરી રહ્યો છે !! ફૂટબોલની ટીમમાં જોડાવાને બદલે આ ચેનલ પાછળ ટાઈમ બગાડી રહ્યો છે. તારી યુ-ટ્યુબ ચેનલ પણ ખરાબ ચાલી રહી છે. આકાશ તો કેટલા વર્ષોથી મહેનત કરે છે. તું એને થોડા ટાઈમમાં હરાવી નહીં શકે.

*( જ્યારે રાજ ઊંડા વિચારમાં હતો ત્યારે અચાનક એક બોલ તેના તરફ આવ્યો. નિરાશાથી તેણે બોલને એટલી સખત લાત મારી કે તે ગોલ બની ગયો. )*

**કોચ :** રાજ ! તું ક્યારે ટીમમાં જોડાવાનું વિચારે છે ?

**રાજ (સ્માઈલ કરતા) :** હા સર, હમણાં જ.

*( રાજ અને આકાશ એકબીજાની સામે જુએ છે. )*

**રાજ :** વિડિયોમાં ભલે તું આગળ છે, ફૂટબોલમાં હું તને બતાવીશ કે તું કોની સામે ઉભો છે.

**આકાશ :** જોઉં છું ગેમમાં રાજ કેવી રીતે ગોલ બનાવે છે.



## દ્રશ્ય ૩ : કોલેજ

**મિત્ર ૧ :** અરે !! જલ્દી વોટ્સએપ ચેક કરો પરીક્ષાનું ટાઈમટેબલ આવી ગયું છે.

**સ્વાતિ :** રાશિ, તારે કંઈ ચિંતા કરવાની જરૂર નથી કારણ કે તું પહેલેથી જ તૈયાર હોઈશ, સાચું ને ?

**રાશિ :** ઑફ કોર્સ. અને જેમ હું જનરલ સેક્રેટરી બની છું એવી જ રીતે આ પરીક્ષામાં પણ ફર્સ્ટ આવીશ.

*( અંકિતા ત્યાંથી પસાર થતા બધું સાંભળી લે છે. )*

**અંકિતા (મનમાં) :** રાશિએ જનરલ સેક્રેટરીની પોસ્ટ ભલે જીતી, પણ પરીક્ષામાં તો હું એને મારા કરતાં આગળ નહીં જ આવવા દઉં.

**રાશિ (મનમાં) :** ફર્સ્ટ આવવા માટે, મારે અંકિતાને હરાવવાની જરૂર છે. મેં તો કોઈ તૈયારી શરૂ કરી જ નથી, માટે કોઈ પ્લાન કરવો પડશે. હું અંકિતાની ભણવાની સ્ટાઈલ કોપી કરું તો ?

*(રાશિ એની આખી ભણવાની પદ્ધતિ બદલીને અંકિતાની પદ્ધતિ અપનાવે છે. પોતે મોડે સુધી જાગીને વાંચતી હતી, તેને બદલે સવારે વહેલા ઉઠે છે. પોતે એકલી ભણતી હતી તેને બદલે ગ્રુપમાં ભણે છે. સમજીને ભણવા કરતા ગોખણપટ્ટી ચાલુ કરે છે. )*

*( થોડા દિવસો પછી પરીક્ષા આવે છે. રાશિ અંકિતાની રીતે વાંચવા જાય છે પણ સિલેબસ પૂરો નથી થતો. તેથી ગભરાટમાં રાશિ પરીક્ષામાં કોપી કરવા માટે ચીટ લઈને જાય છે. આ બાજુ અંકિતા મહેનત વધારી દે છે, પહેલો નંબર લાવવા કે નવું શીખવા માટે નહીં પણ ફક્ત રાશિને હરાવવા.*

*છેવટે પરીક્ષાનું રીઝલ્ટ આવે છે. અને તેમાં રાશિના ખાલી ૭૦% આવે છે અને અંકિતા ટોપ કરે છે એટલે બધા મિત્રોને પાર્ટી માટે બોલાવે છે. )*

**અંકિતા :** મિત્રો, આજે સાંજે પાર્ટી પાકી. મેં ટોપ કર્યું એ ખુશીમાં *( મનમાં - 'અને રાશિને હરાવી એ માટે...' )*



## દ્રશ્ય ૪ : ફૂટબોલ કોર્ટ

*( કોલેજમાં ફૂટબોલ સ્પર્ધાનું આયોજન થયું, જ્યાં રાજ અને આકાશ એક જ ટીમમાં હતા પરંતુ ટીમ માટે રમવાના બદલે, તેઓ એકબીજાની સામે દુશ્મનની જેમ રમવા માંડ્યા. )*

**રાજ :** મને બોલ પાસ કર આકાશ !

**આકાશ :** ના, હું જ ગોલ બનાવીશ.

*( અંતે તેમની ટીમ હારી ગઈ. હાર માટે બંને એકબીજા ઉપર આંગળી કરે છે. વાતવાતમાં મારામારી સુધી ઉતરી આવે છે. પ્રોફેસર મેથ્યુ અને કોચ તેમને અલગ કરે છે અને કોચ બંનેને ખૂબ વઢે છે. )*



મિત્રો તો તમે જોયું, રાજને ભલે યુ-ટ્યુબ પર નિષ્ફળતા મળી તો પણ તેની સ્પર્ધા આકાશ સાથે ચાલુ જ રહી. આકાશ પણ પોતાના અહંકારમાં સ્પોર્ટ્સમેનશિપ ભૂલી ગયો. બંને પોતાની સફળતા માટે રમતની સાચી નીતિ ભૂલી ગયા અને ટીમમાં પૂરક થવાને બદલે એકબીજાની સામે રમવા માંડ્યા. જ્યારે આ બાજુ રાશિએ અંકિતા સાથે ખોટી સ્પર્ધા ચાલુ જ રાખી. એનું ફોકસ અંકિતા પર જ હતું, એટલે પોતાની ખરી રીતને બદલે અંકિતાની રીતે ભણવાનું શરૂ કર્યુ. અંકિતા પણ ટોપ પર હોવાના ઘમંડમાં ડૂબી ગઈ અને રાશિને વધારે ઈર્ષ્યા થાય એવો દેખાવ કરવા લાગી. પરિણામ એ આવ્યું કે જીતવા માટે ચારેય પોતાની મર્યાદાથી આગળ વધી ગયા.

(વિચારતા... આ સ્પર્ધા હવે કદરૂપું રૂપ લઈ રહી છે. મારે કંઈક કરવું પડશે.)



# સ્પર્ધાના પરિણામો



સ્પર્ધામાં સમય અને શક્તિનો બગાડ થાય.



સ્પર્ધક દુશ્મન જેવો લાગે.



પોતાનું ઓરિજીનલ વ્યક્તિત્વ ખોવાઈ જાય.



સ્પર્ધામાં જે મોટો થવા જાય એ રખડી પડે.



મિત્રો કે સબંધીઓ દૂર થતા જાય.



સ્પર્ધામાં પડેલાને ખાલી સ્પર્ધક જ દેખાય.



માનવતા અને નૈતિકતા ખોવાઈ જાય.


# એપિસોડ 04

## રેસકોર્સ

*( પ્રોફેસર મેથ્યુ રાજ, રાશિ, આકાશ અને અંકિતાને મેસેજ કરે છે. બધાને તેમના ફોન પર નોટિફિકેશન મળે છે. )*

**પ્રોફેસર મેથ્યુ :** સાંજે ૪:૦૦ વાગે કેફેમાં મને મળો.

**રાજ, રાશિ, આકાશ, અંકિતા** : ઓકે સર !




### દ્રશ્ય ૧ - કેફે - All together

**રાજ (મનમાં) :** અરે, આકાશ અહીંયા ક્યાંથી ?

**રાશિ (મનમાં) :** અંકિતા પણ છે ?

**પ્રોફેસર મેથ્યુ :** હું જાણું છું કે તમારા મનમાં ઘણા પ્રશ્નો છે. ચાલો, પહેલા આ ઘોડાની રેસ જોઈએ પછી વાત કરીએ.

**પ્રોફેસર મેથ્યુ :** હું ઈચ્છું છું કે તમે બધા મને જવાબ આપો. તમે હમણાં સ્ક્રીન પર જે રેસ જોઈ એમાંથી શું શીખ્યા ?

*( બધા એકબીજાના મોઢા જોતાં રહી ગયા. )*

**પ્રોફેસર મેથ્યુ :** એક પુસ્તકમાં આ વિશે બહુ સરસ જવાબ છે. હું એ ભાગ તમને બતાવું જેનાથી તમને એક નવો દ્રષ્ટિકોણ મળશે.



# દાદાશ્રીના પુસ્તકની ઝલક

## દોડે બધા, ઈનામ એકને

**પ્રશ્નકર્તા :** દરેકની એવી ઈચ્છા હોય ને, કે હું કંઈક થઉં અને અહીં આપની પાસે એવી ઈચ્છા થાય કે હું કાંઈ ન થઉં, વિશેષતા બિલકુલ ના જોઈએ. ત્યાં વ્યવહારની અંદર હોય કે હું કંઈક છું ને મારે કંઈક થવું છે.




**દાદાશ્રી :** કારણ કે ત્યાં 'રેસકોર્સ'માં પડે છે ને ! આટલા બધા ઘોડા દોડે એમાં એ ય દોડે. અલ્યા, તું માંદો છે, બેસી રહે ને, છાનોમાનો ! અને એ તો 'સ્ટ્રોંગ' ઘોડા. અને તેમાં ય આ બધા ઘોડાઓમાં પહેલા નંબરવાળાને જ ઈનામ મળવાનાં અને બીજા બધા તો હાંફી હાંફીને મરી જવાના.

એટલે આ હરીફાઈમાં કોઈ મૂર્ખો ય મહીં ના પડે. હા, બસ્સો-પાંચસો ઘોડાને ઈનામ આપતા હોય તો આપણો નંબરે ય લાગી જાય એમ માનીએ. પણ અલ્યા, પહેલો નંબર તો લાગવાનો નથી. તો શું કરવા અમથો આ 'રેસકોર્સ'માં પડ્યો છે ? સૂઈ જાને, ઘેર જઈને. આ 'રેસકોર્સ'માં કોણ ઊતરે ? આમના 'રેસકોર્સ'માં ક્યાં ઊતરાય તે ? કોઈ ઘોડો કેટલો જોરદાર હોય ! કોઈ ચણા ખાતું હોય, કોઈ ઘાસ ખાતું હોય !!

એટલે હું આ સંસારમાં 'રેસકોર્સ'માં પડ્યો નહીં. તેથી મને આ 'ભગવાન' જડ્યા !

*( આ વાંચ્યા પછી, ચારેયના મનમાં ઘણા પ્રશ્નો ઊભા થવા લાગ્યા. )*

**રાશિ :** શું આ અન્યાય નથી કે એક જ જીતે અને બીજા રખડી મરે ?

**પ્રોફેસર મેથ્યુ :** જ્યારે આપણે સ્પર્ધા કરીએ છીએ ત્યારે કેટલાને જીત પ્રાપ્ત થાય અને કેટલાને હાર ?

**રાજ :** એક જીતે અને બીજા બધા હારે.

**પ્રોફેસર મેથ્યુ :** બરાબર રાજ. પણ ખોટી સ્પર્ધામાં આપણે એટલી હદ સુધી જતા રહીએ છે કે પોતાનું સાચું લક્ષ્ય ચૂકી જઈએ છીએ, પોતાનું વ્યક્તિત્વ ભૂલી જઈએ છીએ.

**રાશિ ( મનમાં ) :** ખરેખર. હું પહેલા ભણવામાં ખૂબ જ હોશિયાર હતી, પણ સ્પર્ધાના કારણે હું ક્યાં પહોંચી ગઈ ! મેં અંકિતા કરતાં સુપિરીયર બનવા માટે પોતાની જાતને બદલી નાખી.

**અંકિતા ( મનમાં ) :** મને સ્પર્ધામાં સફળતા તો મળી પણ મારા કારણે રાશિને મારી ઈર્ષ્યા થવા લાગી.

**રાજ ( મનમાં ) :** મેં ફૂટબોલ છોડીને યુ-ટ્યુબર બનાવવામાં મારો સમય બગાડ્યો. અને પછી હું આકાશને હરાવવા માટે જ ફૂટબોલ ટીમમાં જોડાયો.

**આકાશ ( મનમાં ) :** મારી અને રાજની મિત્રતા ક્યારે શત્રુતામાં બદલાઈ ગઈ એ મને ખબર જ ના પડી. મારી ટીમને જીતાડવા કરતાં મેં રાજને હરાવવાના પ્રયત્નો કર્યા.

**પ્રોફેસર મેથ્યુ :** આ વિશે તમે હજી થોડું વિચારો. આપણે આવતા અઠવાડિયે મારી ઓફિસમાં ફરીથી મળીશું.

**બધા સાથે :** ઓકે સર !! થેન્ક યુ વેરી મચ સર !



વાહ ! પોતાની ભૂલને ઓળખવી અને સ્વીકારવી એ કોઈપણ ભૂલને સુધારવાની દિશામાં પહેલું પગલું છે, જે આ બધાએ આજે માંડ્યું !! ભલે કેફેમાં બોલ્યા નહીં પણ એમના હાવભાવ જોઈને હું બધું સમજી ગયો હતો. મિત્રો, એટલું તો સમજાય કે સ્પર્ધા કરવા જેવી નથી. અને જો કરવી પડે એવું જ હોય તો સાચું લક્ષ્ય રાખીને, પૂરી માનવતાની સાથે પણ હેલ્ધી કોમ્પિટિશન થઈ શકે છે.

# એપિસોડ 05

## હેલ્ધી કોમ્પિટિશન

### દ્રશ્ય ૧ - પ્રોફેસર મેથ્યુની ઓફિસ

*( એક અઠવાડિયા પછી, બધા પ્રોસેફર મેથ્યુની ઓફિસમાં મળે છે. )*
*( પ્રોફેસર બારીની બહાર જોતાં હોય છે. )*



**રાજ :** શું જુઓ છો સર ?

**પ્રોફેસર મેથ્યુ :** આવી ગયા બધા ? આમ જુઓ, આ બારીની બહાર. હાઈવે પર કાર દોડતી દેખાય છે ?

**રાશિ :** હા, સર. પણ તમે અચાનક...?

**પ્રોફેસર મેથ્યુ :** ઘણી વખત એવું બન્યું હશે ને કે કોઈ કાર તમારી કારને ઓવરટેક કરી જાય અને ત્યારે તમને ગુસ્સો આવે કે 'મારી કારને ઓવરટેક કરી ?' પછી આપણે પણ સ્પીડ વધારીને આગળ નીકળીએ.

**આકાશ :** કાયમ એવું થાય સર... મારી સાથે તો ખાસ !

**પ્રોફેસર મેથ્યુ :** ક્યારેય એવો વિચાર આવ્યો કે હજારો કાર આપણાથી આગળ ગઈ હશે અને હજી કેટલીય કાર આપણી પાછળ આવવાની બાકી છે. ખરેખર આપણે ત્યાં સુધી જ સ્પર્ધા અનુભવીએ, જ્યાં સુધી આપણે તે કારને ઓવરટેક ન કરી લીધી હોય. ફક્ત આપણા અહંકારને સંતોષવા માટે, રાઈટ ?

**અંકિતા :** રાઈટ સર, આવું તો ક્યારેય વિચાર્યું જ નથી !

**પ્રોફેસર :** તેના બદલે આપણે જ્યાં પહોંચવું છે ત્યાં ટાઈમસર પહોંચવા ઉપર ફોકસ કરીએ તો ? મારો કહેવાનો અર્થ એ છે કે, આપણે કેપેસીટી પ્રમાણે ધ્યેય સુધી પહોંચવા ઉપર ફોકસ કરીએ તો ?

**રાશિ :** તો કોઈ એક્સિડન્ટ ના થાય સર ! પણ લાઈફમાં ડગલે ને પગલે સ્પર્ધા તો થઈ જ જાય છે. અને એમાં પોતાનો ધ્યેય ભૂલીને સામાને કેવી રીતે નીચે પાડીએ એના જ પ્રયત્નો થાય છે.

**રાજ :** ખરેખર ! અને સ્પર્ધામાં મિત્ર પણ દુશ્મન જેવા લાગે છે.

**પ્રોફેસર :** અહીં જુઓ, એક ન્યુઝ આર્ટિકલ બતાવું.

# ન્યુઝ પેપર

**ટોક્યો ૨૦૨૦ ઓલિમ્પિક્સ :** સ્પર્ધકોએ બતાવી માનવતા




૮૦૦ મીટરની રેસમાં ટ્રેક પર દોડતી વખતે યુ.એસ.એ.ના 'આઈઝેઆ જુવેટ' અને બાટ્સ્વાના દેશના 'નાજિલ અમોસ' એકબીજાની નજીક આવતા પડી જાય છે. ત્યારે એકબીજા પર ગુસ્સે થવાને બદલે, ભૂલ કાઢવાને બદલે, બંને એકબીજાને સપોર્ટ કરે છે અને આખી રેસ જોડે પૂરી કરે છે.

**જુવેટ :** હારથી આપણને ગુસ્સો આવે તો પણ છેલ્લે આપણે વીરતા બતાવવી જોઈએ. વીરો માનવતા બતાવે.

ઇટલીના 'જામાર્કો તંબેરી' અને કતારના 'મુતાઝ બશીમ' બંને સારા મિત્રો હતા. હાઈ જમ્પની ફાઈનલમાં બંનેએ બરોબરીની ટક્કર આપી, જેમાં ટાઇ થઈ. પછી ત્રણ પ્રયત્નો બાદ પણ કોઈ જીત્યું નહીં, ત્યારે બંનેએ ગોલ્ડ મેડલ શેર કરવાનું નક્કી કર્યું અને સાચી મિત્રતા બતાવી.

**બશીમ :** આ સ્પર્ધાથી પણ ઉપરની વાત છે, એવું અમે નવી જનરેશનને કહેવા માંગીએ છીએ.

**તાંબેરી :** મિત્ર જોડે શેર કરવાની મજા જ કંઈક જુદી છે, એકદમ ચમત્કારિક.

યુ.એસ.એ.ના 'કેલેબ ડ્રેસલ' ને સ્વિમિંગની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મળ્યો. પણ તેણે પોતાનો મેડલ ટીમના બીજા સ્વીમર 'બ્રુક્સ કરી'ને આપી દીધો, કારણ કે બ્રુક્સે ડ્રેસલની જગ્યાએ ભાગ લઈને ટીમને ફાઈનલ સુધી પહોંચાડી હતી.

**ડ્રેસલ :** મેં તો માત્ર ટીવી પર જ જોયું, પણ બ્રુક્સ વાસ્તવમાં આ મેડલ માટે વધારે લાયક છે.




For 13 to 21 years Y- Boys

**6th to 8th Nov**

Festive Fuzion 2021








*Fuzion Fuzion!! Festive Fuzion!!*

- **700+ YMHTians**
- **50+ Centers**
- **15+ Festivals Celebrated**





*Connect with Gnani*


- **400+ YMHTians**
- **20+ Centers**


FUSION

For 13 to 21 years Y- Girls

**9th to 11th Nov**



**Log on to youth.dadabhagwan.org**

Responsive website compatible on all Browsers/Devices.

**રાજ :** મને હજી એક પ્રશ્ન મૂંઝવે છે. દરેક જગ્યાએ સ્પર્ધા છે. જેમ કે ભણવામાં, રમતગમતમાં. તો આપણું જીવન સ્પર્ધા વગરનું કેવી રીતે થઈ શકે ?

**પ્રોફેસર મેથ્યુ :** મને પણ આ જ પ્રશ્ન હતો અને મને એ જવાબ મળ્યો પણ ખરો. ચાલો, હું તમને તે બતાવું.



# જ્ઞાની વિથ યુથ

**સ્પર્ધાની સામે તો આટલું જ આવે કે 'નોર્માલિટી રાખો'. એ આગળ ગયો તો આપણે ખુશ થવા જેવું છે.**

**પ્રશ્નકર્તા :** જેમ બુદ્ધિની સામે એક વાક્ય છે કે, 'બન્યું તે જ ન્યાય !' જે બધી રીતે આપણને બુદ્ધિના સકંજામાંથી છોડાવે છે. તો સ્પર્ધાની સામે એવું શું આવે ?

**પૂજ્યશ્રી :** સ્પર્ધાની સામે તો આટલું જ આવે કે 'નોર્માલિટી રાખો'. એ આગળ ગયો તો આપણે ખુશ થવા જેવું છે. આપણા જ સ્કૂલના વિદ્યાર્થી આગળ ગયા તો સારું થયું. પણ 'હું આગળ આવું ને તે પડે' એ સ્પર્ધા !

**પ્રશ્નકર્તા :** પોતાને ( આગળ આવવાની ) ભૂખ તો હોય ને !!

**પૂજ્યશ્રી :** પણ એને પાડીને શું કરવા આગળ જાઓ છો ? તમારી શક્તિથી આગળ વધો અને ખુશ થાઓ. એ કેટલી સરસ મહેનત કરે છે ! એને કેવા સરસ ટીચરના આશીર્વાદ મળ્યા ! કેટલું સરસ આગળ વધ્યો. એની જેમ હું પણ આગળ વધું એવું રાખવું. પણ એને પાડો તો જ હું આગળ વધુ, એ તો સંકુચિતતા છે. એમાં હું ય મહેનત કરીને આગળ વધીશ એવી દાનત નથી.

અને નજીકના સહાધ્યાયીમાં જ સ્પર્ધા થાય. સ્પર્ધા કરતા નોબિલિટી રાખવાની. તું પણ આગળ વધ અને તમે બધા આગળ વધો. મારી શક્તિ પ્રમાણે હું આગળ વધીશ. પણ સ્પર્ધામાં શું થાય કે 'હું ઓછી મહેનત કરું અને ઓછા માર્કસ લાવું. પણ તું માંદો પડ અને નાપાસ થા એટલે હું તારાથી આગળ આવી જઉં'.

નિયમ કેવો છે કે સ્પર્ધાથી પોતે પોતાનું નુકસાન કરે છે. કોઈને માટે થાય કે એ પડે અને એ નાપાસ થાય, તો છેવટે પોતે જ પડે ને પોતે જ નાપાસ થાય. કુદરત શું કહે છે ? તમે કહો 'તું ચોર છે' એટલે કુદરત કહેશે કે 'તું ચોર છે'. તમે કહો કે 'તું આગળ વધ' એટલે કુદરત કહેશે કે 'તું આગળ વધ'. એટલે આ વિજ્ઞાન નહીં જાણવાને કારણે લોકો સ્પર્ધાથી ભાવો બગાડે છે. 'એ પડે તો સારું', 'એને નુકસાન થાય તો સારું', 'એ ઊંચો જ ના આવવો જોઈએ', 'હું જ કાયમ આગળ રહું' એવાં ભાવોથી પોતે પડશે. અને જો ભાવના કરે કે 'તું આગળ વધ... ખૂબ આગળ જા' તો પોતાની સૌથી વધારે પ્રગતિ થશે.



**તમે કહો કે 'તું આગળ વધ' એટલે કુદરત કહેશે કે 'તું આગળ વધ'.**

સ્પર્ધામાંથી ઈર્ષ્યા ઊભી થાય છે. સ્પર્ધા તો બહુ મોટો રોગ ! પોતાને આગળ વધવું છે અને એના આધારે માન ખાવું છે. જ્યારે કેટલાકને મોહ હોય કે એને સારું મળ્યું અને મને સારું નથી મળ્યું. જો એનું ખલાસ થઈ જાય તો મારું સારું થઈ જાય ! એના કરતાં સ્પર્ધા તો ઝીરો કરી નાખવાની.


તો, તમારા પ્રશ્નોના જવાબ મળ્યા ?

**અંકિતા :** હા, બીજાને નીચે પાડવાને બદલે હવે અમે પોતાની શક્તિથી આગળ વધીશું.

**રાશિ :** સ્પર્ધામાં બીજા આગળ વધે તો એના માટે ઈર્ષ્યા નહીં પણ સારા ભાવ રાખીશું.

**આકાશ :** અમને ખબર ન હતી કે એકબીજાને સપોર્ટ કરીને પણ સ્પર્ધા થઈ શકે.

**રાજ :** હવેથી જ્યારે પણ આવી કોઈ સિચ્યુએશન ઊભી થશે જ્યાં અમને સ્પર્ધા કરવી જ પડે ત્યાં અમે હેલ્ધી કોમ્પિટિશન કરીશું.






# એપિસોડ 06

સામો કરે ત્યારે?

**દ્રશ્ય ૧ - કન્વેન્શન સેન્ટર**

**૫-૬ વર્ષ પછી**

**રાજ અને રાશિ :** હેલો સર ! તમે કેમ છો ? અહીં ક્યાંથી ?

**પ્રોફેસર મેથ્યુ :** એકદમ મજામાં છું. એક પ્રેઝન્ટેશન માટે અહીં આવ્યો હતો. તમે બંને કેમ છો ?

**રાજ :** બહુ જ સરસ. તમારી ચાવીઓ અમને અમારા જીવનમાં ઘણી મદદરૂપ થઈ રહી છે.

**રાશિ :** હા, જ્યારથી તમે સમજાવ્યું, ત્યારથી અમે સ્પર્ધા ઊભી થાય એવા સંજોગોમાં એલર્ટ રહ્યા છીએ પણ...

**પ્રોફેસર મેથ્યુ :** પણ શું ?

**રાશિ :** પણ ક્યારેક મને લાગે છે કે બીજા લોકો મારી સાથે સ્પર્ધા કરે છે.

**રાજ :** હા, ક્યારેક એવું લાગે કે ઈર્ષ્યા પણ કરે છે. ત્યારે અમારે શું કરવાનું ?

**પ્રોફેસર મેથ્યુ :** તેનોય ઉપાય છે.

*( પ્રોફેસર મેથ્યુ ફોન ઉપર એક વિડિયો ચાલુ કરીને તેમને બતાવે છે. )*

**પૂજ્યશ્રી :** સામી વ્યક્તિ આપણી ઈર્ષ્યા કરતી હોય તો આપણે તેની ઉપર દ્વેષ નહીં રાખવાનો. પણ પ્રાર્થના કરવાની કે 'હે ભગવાન ! એમને સદબુદ્ધિ આપો, જેથી કરીને એમની અવળી બુદ્ધિ છૂટી જાય.' આપણે સામા જોડે પ્રેમથી રહેવાનું અને આપી શકાય તેટલો સહકાર આપવાનો.

**પ્રશ્નકર્તા :** આપણે એની જોડે સારું વર્તન કરીએ તો થોડા દિવસ એ આપણી સાથે સારું વર્તન કરે, પણ પછી પાછા એવા ને એવા !





**પૂજ્યશ્રી :** આપણામાં અહંકાર હોય ને કે ‘એ મારા માટે આવું રાખે છે, હું જોઈ લઈશ !’ તો એને વધારે ઈર્ષ્યા થાય. એટલે આપણા તરફથી એના અંદરના ભગવાનને પ્રાર્થના કર્યા કરવી કે ‘હે ભગવાન ! મારા નિમિત્તે એને ઈર્ષ્યા થાય છે, પણ કોઈ રાગ-દ્વેષ કરવા નથી, ઈર્ષ્યામાં પડવું નથી, મને સમતા રહે એવી શક્તિ આપો. હે ભગવાન ! એને સદબુદ્ધિ આપો.’ આપણા તરફથી પોઝિટિવ ભાવના રાખ્યા કરવાની, તો વખત આવશે અને ધીમે ધીમે એમની ઈર્ષ્યા છૂટી જશે. જો એણે આમ ખેંચ્યું ને આપણે પણ પકડી રાખીએ તો વધારે ખેંચાખેંચી થાય. આપણે ઢીલું મૂકીએ તો એનું ઢીલું પડી જાય.

**પૂજ્યશ્રી :** મારો તો અનુભવ છે કે સામાને મારા માટે વાંકું પડે તો હું પચાસ વખત માફી માંગ્યા કરું કે ‘મારા નિમિત્તે એને દુઃખ ના હોજો’. અને છતાં મારા નિમિત્તે એને દુઃખ રહે તો હું હૃદયથી પસ્તાવો લઉં, માફી માંગું. એટલે ધીમે ધીમે એને મારા તરફથી ( વાંકું પડવાનું ) મટી જાય.

**રાજ અને રાશિ :** હવેથી અમે ધ્યાન રાખીશું કે કોઈને અમારાથી સ્પર્ધા કે ઈર્ષ્યા ના થાય અને થાય તો પ્રાર્થના કરીશું, સર !!

**પ્રોફેસર મેથ્યુ :**

તો મિત્રો, કેવી લાગી આ વેબ સ્ટોરી ? રાજ અને રાશિ તો સ્પર્ધામાંથી બહાર નીકળી ગયા. તો આપણે પણ આ સ્ટોરીમાં મેળવેલી ચાવીઓ વાપરીશું ને ?



**વર્ષ: ૯, અંક : ૮**
**સળંગ અંક : ૧૦૪**
**ડિસેમ્બર ૨૦૨૧**

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month

# #કવિતા

જિંદગી તો એક રેસકોર્સથી ઓછી નથી ભાઈ !
દોડે તો બધા જ, પણ પહેલો આવે એક જ અહીં.

બીજા કરે એ હું ય કરું, પડે દેખાદેખીમાં સહુ કોઈ;
પડે ના જોજો પાસા ઉલટા, જાઓ પોતાનું વ્યક્તિત્વ ખોઈ.

જમાનો છે સ્પર્ધાનો, માનું છું તમારી વાત;
પણ થાઓ ખુશ જ્યારે પડે બીજા, એ તો સંકુચિત મનના ઘાટ.

ના કરશો ઈર્ષ્યા, પણ કરો એમના ગુણ એપ્રીશિએટ;
થશે એવા જ ગુણ મહીં પ્રગટ, અને વધશે તમારો પ્રોગ્રેસ.

કરો પ્રયત્નો આગળ વધવા, લગાવીને પૂરું એટેન્શન;
સપોર્ટ કરજો એકબીજાને, તો બનશે એ હેલ્ધી કોમ્પિટિશન !

દાદાના યુવાનો દ્વારા

## અક્રમ યુથના સભ્યો માટે સૂચના

**૧.**આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમયુથના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. YGFT555/08-2028 એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે. અક્રમયુથ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

**૨.**જો આપને કોઈ મહિનાનું અક્રમયુથ ન મળે તો ફોન નં. 8155007500 પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID NO. 2) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત 3) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
**Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.**
**Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.**